# આંસુ હજીયે આંખમાં રોકી શકું કિંતુ, આ તો વહે છે સ્વપ્ન જે ખાળી નથી શકતો!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

સુરતના વેડરોડ પરનું નિરાલીબહેનનું ટેનામેન્ટ હતું તો જૂનું પણ એમાં એ પોતે, એમના મહારાષ્ટ્રીયન પતિ પાંડુરંગ બોરીકર અને એમની બન્ને દીકરીઓ આરામથી રહેતાં હતાં.

જો કે દીકરીઓ નાની હતી ત્યારે નિરાલીબહેનને થોડી તકલીફ પડતી હતી કેમ કે એ કતારગામની જ એક હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતાં હતાં અને એમની નોકરી સવારની હતી એટલે ખૂબ વહેલા જાગીને બધાં માટે રસોઈ બનાવીને એ સ્કૂલે જતાં.

એમના પતિ પાંડુરંગની નોકરી સુમુલ ડેરી પાસેની સિલ્ક મિલમાં એકાઉન્ટન્ટ તરીકેની હતી ને એમનો સમય બાર વાગ્યાનો હતો એટલે નિરાલીબહેનના ગયા પછી દીકરીઓને એ સંભાળતા. એ નોકરીએ જાય એ પછી એકાદ કલાક દીકરીઓ એકલી રહેતી, પાંડુરંગ એમની થાળી પીરસીને જતો અને દીકરીઓ જમી રહે ત્યાં સુધીમાં તો નિરાલીબહેન આવી પણ જતાં.

એ પછી તો દીકરીઓ સ્કૂલે જતી થઈ એટલે નિરાલીબહેને પણ સ્કૂલમાં પોતાનો સમય બદલી નાખ્યો. સવારની પાળીના બદલે એ બપોરની પાળીમાં જવા લાગ્યાં.

તાપીમાં પાણી વહેતું રહ્યું ને સમયનું ચક્ર ફરતું રહ્યું. નયના અને સંજના - બન્ને બહેનો પણ સ્કૂલે જવા લાગી અને મોટી થતી ગઈ. પાંડુરંગના માથામાં થોડા ધોળા વાળ દેખાવા લાગ્યા. જો કે નિરાલીબહેન હજી યુવાન અને સુંદર જલાગતાં હતાં.

નયના અને સંજના વચ્ચે માત્ર બે જ વરસનો સમયગાળો હતો એટલે બન્ને લગભગ સરખી જ લાગતી. સુંદર પણ એવી જ અને સંસ્કારી પણ એવી જ.

એમનું હાઈસ્કૂલનું શિક્ષણ નિરાલીબહેનની સ્કૂલમાં જ શરૂ થયું અને પૂરું પણ થયું અને વારાફરતી બન્ને કોલેજનાં પગથિયાં પણ ચડી.

ત્રણ વર્ષના શિક્ષણ પછી બન્ને બહેનો ગ્રેજ્યુએટ પણ થઈ ગઈ.

“પપ્પા,'' મોટી દીકરી નયના એક રાત્રે જમતી વખતે બોલી, “હવે અમે બન્ને ગ્રેજ્યુએટ થઈ ગયાં તો અમે નોકરી શોધીએ?”

“દીકરી,'' નિરાલીબહેને કહ્યું, “અમને કોઈ વાંધો નથી પણ નોકરી કરવાનું તમને ફાવશે?''

“મમ્મી,” નાની સંજના બોલી, “તમને નોકરી કરવાનું ફાવ્યું તો અમને કેમ નહીં ફાવે?''

‘‘ભલે, ભલે,” પાંડુરંગ બોલ્યા, “તમે નોકરી શોધો અને મળી જાય તો તમે બન્ને નોકરી કરવા માટે છુટ્ટા, બસ?''

“થેન્ક યુ પપ્પા,'' બન્ને બહેનો એકસાથે બોલી ઊઠી, “અમે કાલથી જ નોકરી શોધીશું.''

જો કે એમને વધારે સમય ન લાગ્યો નોકરી મળવામાં. બન્નેને એક સિલ્ક મિલમાં જ નોકરી મળી ગઈ. એક જ મિલમાં બન્ને બહેનોને નોકરી મળી એનો આનંદ સૌથી વધુ નિરાલીબહેનને થયો. સમય સાચવવાની એમની ચિંતા ટળી. જો કે દીકરીઓનો સમય સાચવવાની ચિંતા કરતાં એમના હાથ પીળા કરવાની ચિંતા મા-બાપને વધારે હોય છે એટલે હવે પાંડુરંગ અને નિરાલીબહેને બન્ને માટે છોકરાઓ જોવાનું શરૂ કર્યું.

નિરાલીબહેનની ગણતરી એવી હતી કે બન્ને બહેનોનું સગપણ થઈ જાય તો બન્નેના લગ્ન સાથે જ કરી નખાય એટલે ઓછા ખર્ચમાં પ્રસંગ ઉકેલી શકાય.

જો કે એમણે છોકરા જોવાનું શરૂ કર્યું એના એકાદ મહિનામાં જ જાણે ચમત્કાર થયો હોય એમ શારદા સિલ્ક મિલના માલિક એક સાંજે એમના ઘેર આવ્યા. એ મિલમાં જ સંજના અને નયના નોકરી કરતાં હતાં. એમને પોતાના ઘેર આવેલા જોઈને બન્ને બહેનોને આશ્ચર્ય થયું.

“આવો શેઠ, આવો,'' પાંડુરંગે એમને આવકાર આપતાં કહ્યું, “આજે તમે અમારા ઘેર પધાર્યા, અમારા તો ભાગ્ય ઊઘડી ગયા!”

“તમારા નહીં,” શેઠ બોલ્યા, “હું મારું ભાગ્ય ઉઘાડવા આવ્યો છું!''

નિરાલીબહેન, પાંડુરંગ અને બન્ને બહેનો આશ્ચર્યથી એમની સામે તાકી રહ્યાં. ‘‘હું સમજ્યો નહીં,'' પાંડુરંગ બોલ્યા.


“હું સમજાવીશ,” શેઠ બોલ્યા, “પણ, પહેલાં ચા-પાણી પી લઈએ?''

“સોરી શેઠજી,'' નિરાલીબહેન બોલ્યાં, ‘‘મારું ધ્યાન જ ન રહ્યું”

એ પછી નિરાલીબહેને બન્ને બહેનોને રસોઈમાં ચા-નાસ્તા માટે મોકલી દીધી.

“જુઓ પાંડુરંગભાઈ,'' શેઠ બોલ્યા, “આમ તો આવી બધી વાત દીકરીવાળા કરતા હોય છે પણ મારું મન મારા કાબૂમાં ન રહ્યું એટલે વાત કરવા હું જ આવી ગયો છું. તમારી દીકરીઓ ચા બનાવવા ગઈ છે એટલે એમની ગેરહાજરીમાં વાત કરું છું.''

“કહો શેઠ,” નિરાલીબહેન બોલ્યાં, “એવી કઈ વાત છે કે, તમો છેક અમારા ઘેર આવ્યા?”



“બહેન,''શેઠ બોલ્યા, ‘‘તમારે બે દીકરીઓ છે એમ મારે બે દીકરા છે. હું ને મારી પત્ની બન્ને દીકરાઓ માટે છોકરી શોધતાં હતાં ને એ વખતે જ તમારી દીકરીઓ મારે ત્યાં નોકરી માટે આવી. મેં એમને નોકરી આપી અને આ છ મહિનાની નોકરી દરમ્યાન મેં જોયું કે, બન્ને દીકરીઓ સંસ્કારી અને મારા ઘરમાં શોભે એવી છે. મારી પત્નીને પણ ફેક્ટરી પર બોલાવીને મેં તમારી દીકરીઓ બતાવી, મારા દીકરાઓને પણ બતાવી ને સૌને તમારી દીકરીઓ પસંદ આવી છે.”

“શું વાત કરો છો શેઠ ?'' પાંડુરંગ બોલ્યા.

‘‘હું સાચું જ કહું છું,'' શેઠ બોલ્યા, “મારે તો દીકરાઓ માટે કન્યા શોધવી જ ન પડી. હવે, તમારી ઈચ્છા હોય તો તમે દીકરીઓને વાત કરીને કાલે મારે ત્યાં આવો. આપણે સાથે જમીશું અને પછી આગળની વાત કરીશું.'' એટલી વારમાં તો નયના અને સંજના ચા-નાસ્તો લઈને આવી પણ ગયાં. એ પતાવીને ફરી વાર પોતાને ત્યાં કાલે સાંજના આવવાનું યાદ કરાવીને શેઠે વિદાય લીધી.

નિરાલીબહેન અને પાંડુરંગ તો આશ્ચર્યમઢ્યા આઘાતમાંથી હજી બહાર જ આવ્યાં નહોતાં. ધીમે ધીમે એમણે બન્ને બહેનોને વાત કરી. શરમના લીધે બન્ને કશું બોલી ન શકી પણ આવતીકાલે શેઠના ઘેર જવા માટે બન્ને બહેનો સંમત થઈ ગઈ.

બીજા દિવસે ચારે જણા શેઠના ઘેર ગયાં. જમવાનું પત્યું અને નિરાલીબહેને બન્ને દીકરીઓને બન્ને ભાઈઓ સાથે વાત કરવાનું સૂચન કર્યું. વાત પણ પૂરી થઈ ગઈ અને બન્ને બહેનોને બન્ને ભાઈઓ પસંદ પણ આવ્યા.

પછી તો શાની રાહ જોવાની? સગપણ પણ થઈ ગયું અને છએક મહિના પછી લગ્નનું પણ નક્કી થઈ ગયું. નિરાલીબહેને PFમાંથી લોન લીધી ને પાંડુરંગે પણ મિલમાંથી ઉપાડ કરી લીધો ને બન્ને બહેનોના લગ્ન પણ થઈ ગયા.

બન્ને દીકરીઓ સાસરે ગઈ એ પછી ઘરમાં જાણે સૂનકાર વ્યાપી ગયો. નાનપણની બન્ને બહેનોની કિલકારીઓ, યુવાનીમાં આવેલી બન્ને બહેનોની મીઠી મીઠી વાતો, નિરાલીબહેનને વારંવાર યાદ આવતી. દીકરીઓ વિનાનું ઘર એમને ચહેકતા પંખીઓના માળા વિનાના વૃક્ષ જેવું લાગતું.

સૂના વૃક્ષ પર પાનખર ને વસંત આવતી ગઈ ને એમ જ પાંચેક વરસ પસાર થઈ ગયાં.

પાંચ વરસ પછી પાંડુરંગ એક્ટિવા લઈને મિલ પરથી ઘેર આવતા હતા ને એક ટેન્કર સાથે અકસ્માત થયો, એ અકસ્માત એમના માટે જીવલેણ નીવડ્યો. બે દિવસની સારવાર પછી એમણે દેહ છોડ્યો.

**એમણે પાણીનો ગ્લાસ રાજનભાઈના હાથમાં આપ્યો પણ રાજનભાઈ ગ્લાસના બદલે એમનો હાથ પકડીને એમની સામે જોઈ જ રહ્યા.**

નિરાલીબહેન માટે આ આઘાત જીરવવો મુશ્કેલ હતો. એમને સાંત્વના આપવા એમની હાઈસ્કૂલનો આખો સ્ટાફ એમના ઘેર આવી ગયો. એ પછી એમના ટ્રસ્ટી રાજન મહેતા પણ એમનાં પત્ની સાથે આવ્યાં.

“ખરું થયું નિરાલીબહેન,'' રાજન મહેતાનાં પત્ની બોલ્યાં, “બહુ મોટી ઉંમર નહોતી એમની અને તમે તો હજી મારાં જેવડાં જ છો, શી રીતે સહન કરી શકશો આ જુદાઈ? જો કે, સહન કર્યા વિના છૂટકો પણ નથી. અમારી જરૂર પડે ત્યારે વિનાસંકોચે અમને કહેજો, અમે અડધી રાત્રે પણ હાજર થઈ જઈશું.''

જો કે ધીમે ધીમે નિરાલીબહેને શાળાની પ્રવૃત્તિઓમાં અને એમના વિસ્તારની સેવાભાવી સંસ્થાઓના કાર્યમાં ભાગ લેવાનું શરૂ કરી દીધું.

લગભગ પાંચ વર્ષ પસાર થઈ ગયાં. નિરાલીબહેન હવે 56 વર્ષનાં થયાં. રિટાયર્ડ થવાને માત્ર બે જ વરસ બાકી હતાં. એ વખતે રોટરી કલબે રક્તદાન શિબિર યોજેલી. એ શિબિરના મુખ્ય કાર્યકર્તા હતાં નિરાલીબહેનની હાઈસ્કૂલના ટ્રસ્ટી રાજન મહેતા. નિરાલીબહેન પણ એ સેવાયજ્ઞમાં જોડાયાં. જો કે રાજન મહેતા હાઈસ્કૂલમાં ભાગ્યે જ આવતા પણ આ શિબિર માટે એમણે સમય કાઢ્યો અને આખો દિવસ સતત હાજરી આપી. એમનું અને નિરાલીબહેનનું જમવાનું પણ રાજનભાઈના ઘેરથી જ આવ્યું.

એ શિબિર પતી એના ત્રીજા જ દિવસે રાજનભાઈનાં પત્નીને સીવીઅર હાર્ટ અટેક આવ્યો ને એમનું અવસાન થયું. રાજનભાઈના માથે જાણે આભ તૂટી પડ્યું. હાઈસ્કૂલનો આખો સ્ટાફ એમના ઘેર સાંત્વના આપવા ગયો. નિરાલીબહેન પણ એ સૌની સાથે જ હતાં. ચાર બેડરૂમના મોટામસ બંગલામાં હવે રાજન મહેતા એકલા પડી ગયા. એમના બન્ને દીકરાઓ તો મુંબઈ ધંધાર્થે હતા. અત્યારે આવ્યા હતા પણ પછી તો એ પણ ચાલ્યા જશે એ વિચારે રાજનભાઈની આંખોમાં ઉદાસી તરતી હતી. જે ઉદાસી પોતાની આંખોમાં તરવરતી હતી એ જ ઉદાસી નિરાલીબહેને આજે રાજનભાઈની આંખમાં તરતી જોઈ. જો કે, એ આશ્વાસનના બે શબ્દો પણ બોલી ન શક્યાં. એમની આંખોએ જ જાણે સાંત્વના પાઠવી દીધી!

બે વરસ પણ પસાર થઈ ગયાં ને નિરાલીબહેનનો વિદાયસમારંભ ગોઠવાયો. રાજન મહેતા પણ હાજર હતા. હેડમાસ્તરે અને બીજા શિક્ષકોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. રાજનભાઈ વધુ બોલી ન શક્યા. નિરાલીબહેનને સૌએ ભેટસોગાદો આપી. રાજનભાઈએ એમને ગુલાબનાં ફૂલોથી ભરચક ગુલદસ્તો આપ્યો. જો કે ગુલદસ્તો આપતી વખતે એમની આંખમાંથી ટપકેલું એક આંસુ નિરાલીબહેનની નજરમાંથી છટકી ન શક્યું. એ પણ ઉદાસ થઈ ગયાં. આટલા લાંબા સમય સુધી જે શાળામાં રોજ આવવાનું બનતું, એ શાળા પણ હવે જોવા નહીં મળે એનો રંજ એમની આંખમાંથી છલકાતો હતો.

એ ઘેર આવ્યાં ને ભેટસોગાદો વ્યવસ્થિત ગોઠવી. શાળા તરફથી મળેલી ટ્રોફી એમણે શો-કેસમાં ગોઠવી. ગુલદસ્તો એમણે શો-કેસની નજીક મૂક્યો.

ક્યાંય સુધી એ ગુલદસ્તાને નીરખી રહ્યાં.

આખરે, એ ચા બનાવવા માટે ઊભા થયા એ જ વખતે એમની ડોરબેલ રણકી. નિરાલીબહેને બારણું ખોલ્યું તો સામે રાજન મહેતા ઊભેલા!

નિરાલીબહેન આશ્ચર્ય પામ્યાં. એ સમજી ન શક્યા કે રાજન મહેતા અત્યારે કેમ આવ્યા હશે.

હજી એ કશું વિચારે એ પહેલાં તો એમની નજર રાજનભાઈની આંખો સામે ગઈ. રાજનભાઈની આંખોમાંથી આંસુ ટપકતાં હતાં.

“અરે...અરે....'' નિરાલીબહેન બોલ્યાં ને રાજન મહેતાનો હાથ પકડીને એમને બેઠકરૂમમાં લાવ્યા ને સોફા પર બેસાડ્યા. રસોઈમાંથી પાણીનો ગ્લાસ લઈને એ રાજનભાઈ પાસે આવ્યા ત્યારે રાજનભાઈની નજર પાંડુરંગના ફોટા પર સ્થિર થયેલી એમણે જોઈ.

નિરાલીબહેનની આંખો પણ ભીની થઈ ગઈ.

એમણે પાણીનો ગ્લાસ રાજનભાઈના હાથમાં આપ્યો પણ રાજનભાઈ ગ્લાસના બદલે એમનો હાથ પકડીને એમની સામે જોઈ જ રહ્યા.

એ વખતે નિરાલીબહેનની આંખમાંથી ટપકેલું એક આંસુનું ટીપું ગ્લાસમાં પડ્યું, એ રાજનભાઈની નજરમાંથી છટકી ન શક્યું !

(શીર્ષકપંક્તિઃ અગન રાજ્યગુરુ.
કથાબીજ : મનુભાઈ જાની)